UGVCL

# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૩૪, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૧૬



ગૃહરાજ્ય મંત્રીશ્રી કેન્દ્રસરકાર માનનીય શ્રી હરિભાઈ ચૌધરીના વરદ્ હસ્તે પાંથાવાડા પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ




રાજ્યકક્ષાના મંત્રીશ્રી, ઊર્જા અને કેમિકલ્સ વિભાગ, માનનીય શ્રી ગોવિંદભાઈ પટેલના વરદ્ હસ્તે ધાનેરા પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ

# આ અંકમાં


**વર્ષ–૬ અંક–૩૪, જાન્યુઆરી – ફેબ્રુઆરી ૨૦૧૬**

**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**

**સંરક્ષક**

શ્રી અનુપમ આનંદ, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**

શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**

શ્રી બી. પી. બુચ, કાર્યવાહક મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એ. કે. મંગલ, કાર્યવાહક મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એચ. એમ. રામી, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી પી. બી. પંડ્યા, અધિક્ષક ઇજનેર, પાલનપુર
શ્રી એચ. ડી. રાઠોડ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી એસ. પી. વૈદ્ય, અધિક્ષક ઇજનેર, સાબરમતી

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા

**પ્રકાશક**

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**

www.aalekhan.com


**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.


cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com



સંકલન : ૨૦/૦૨/૨૦૧૬


## આ અંકમાં

**ઉજવણી**


» યુજીવીસીએલ દ્વારા ૬૭મા પ્રજાસત્તાક દિનની ઉત્સાહભેર ઉજવણી....................................૦૪


**લોકાર્પણ**


» ગૃહરાજ્ય મંત્રીશ્રી કેન્દ્રસરકાર માનનીય શ્રી હરિભાઈ ચૌધરીના વરદ્ હસ્તે પાંથાવાડા પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ..........................૦૭





» રાજ્યકક્ષાના ઊર્જા અને કેમિકલ્સ વિભાગના મંત્રીશ્રી માનનીય શ્રી ગોવિંદભાઈ પટેલના વરદ્ હસ્તે ધાનેરા-૨ પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ..........................૦૮





» રાજ્યકક્ષાના મંત્રી, ઊર્જા અને કેમિકલ્સ વિભાગ, માનનીય શ્રી ગોવિંદભાઈ પટેલના વરદ્ હસ્તે માંડલ પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ..........................૧૦


**ગૌરવ**


» યુજીવીસીએલ ગૌરવ........................................૧૧


**કબડ્ડી**


» પાંચમી ઇન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટ......................૧૨


**વોલીબોલ**


» ૧૦મી ઇન્ટર સર્કલ વોલીબોલ ટુર્નામેન્ટ...................૧૪



# સંદેશ

**પ્રિય કર્મચારી મિત્રો,**

*ભૂતકાળના પુરુષાર્થમાંથી વર્તમાનનું પ્રારબ્ધ સર્જાયું છે અને વર્તમાનનો પુરુષાર્થ ભવિષ્યનું પ્રારબ્ધ સર્જે છે.*

**– ડેલ કાર્નેગી**

ગુજરાત વિદ્યુત બોર્ડના પુનર્ગઠન બાદ અસ્તિત્વમાં આવેલ આપણી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ આજે ભારતની અગ્રગણ્ય વીજ વિતરણ કંપની તરીકે પ્રસ્થાપિત થઈ છે ત્યારે ડેલ કાર્નેગીના આ શબ્દો યથાર્થ સાબિત થઈ રહ્યા છે.

મિત્રો, દરેક સંસ્થાના મૂળમાં એવી કર્મઠ વ્યક્તિઓ હોય છે, જે કાર્યદક્ષતાનાં ઉચ્ચ ધારાધોરણો પ્રસ્થાપિત કર્યાં હોય છે અને તેમના પુરુષાર્થથી જ એક કાર્યદક્ષ સંસ્થાનું નિર્માણ થાય છે. આપણી કંપની પણ એવા કાર્યદક્ષ કર્મચારીઓના પુરુષાર્થથી વિકસી અને આજે આપની કુશળતા અને પરિશ્રમથી કંપનીને ભારતભરમાં નામના મળી રહી છે.

આ તબક્કે આપણે, ઉચ્ચ કાર્યપ્રણાલી પ્રસ્થાપિત કરીને આપણા ઉજ્જ્વળ ભવિષ્યના સર્જકો એવા પૂર્વ સંસ્થાપકો, અધિકારીઓ અને કર્મચારીઓને યાદ કરીને સૌને વંદન કરીએ.

હવે આ સુદૃઢ પાયા પર ઉજ્જ્વળ ભાવિ ઘડવાની મહત્ત્વની કામગીરી આપણા સૌના હાથમાં છે. આજે જેમ આપણે આપણા પૂર્વ શાસકોને યાદ કરીએ છીએ તેમ ભાવિ શાસકો આપણને આદરપૂર્વક યાદ કરે અને આપણે પ્રગતિનાં ઉચ્ચ સોપાનો સર કરી શકીએ તેવી પરમકૃપાળુ પરમાત્મા આપણને સૌને શક્તિ આપી, ઊર્જાવાન બનાવે તેવી અભ્યર્થના.

**અનુપમ આનંદ,** આઇએએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

**તા. ૨૦-૦૨-૨૦૧૬**

**આપણી કંપની કાર્યદક્ષ કર્મચારીઓના પુરુષાર્થથી વિકસી છે અને આજે આપની કુશળતા અને પરિશ્રમથી કંપનીને ભારતભરમાં નામના મળી રહી છે.**

# યુજીવીસીએલ દ્વારા ૬૭મા પ્રજાસત્તાક દિનની ઉત્સાહભેર ઉજવણી

આપણા રાષ્ટ્રના ૬૭મા પ્રજાસત્તાક દિનની, ૨૬ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ દેશભરમાં ઉમંગ અને ગૌરવભરી ઉજવણી કરવામાં આવી. આપણી કંપની યુજીવીસીએલ પણ આ ઉજવણીમાં ઉત્સાહભેર સામેલ થઈ અને સમગ્ર વિશ્વમાં સૌથી સક્ષમ અને સશક્ત મનાતી ભારતની લોકશાહીના આ પર્વનો આનંદ સૌએ સાથે મળીને વહેંચ્યો.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની રજિસ્ટર્ડ ઓફિસ મહેસાણા ખાતે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદના વરદ હસ્તે ધ્વજવંદન કરાયું હતું. આ પ્રસંગે



કંપનીના ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી બી.પી. બુચ, મુખ્ય ઇજનેર (પીએન્ડપી) શ્રી એ.કે. મંગલ, મહાપ્રબંધક (નાંણા) શ્રી આર.બી. કોઠારી, વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક (મા.સં.) શ્રી એ.સી. પ્રજાપતિ, અધિક્ષક ઇજનેર, જેટકો, શ્રી ડી.જે. વ્યાસ તેમજ વિશાળ સંખ્યામાં કર્મચારીઓએ આનંદથી ભાગ લીધો હતો.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ. દેશભક્તિના ગીતો રજૂ કરવામાં આવેલ તેમજ સન્માનિત



કર્મચારીઓ અને તેમના બાળકોને સન્માનપત્રો તેમજ રોકડ પુરસ્કાર આપવામાં આવેલ. કોર્પોરેટ ઓફિસના પટાંગણમાં વૃક્ષારોપણ મહાનુભવોના વરદ હસ્તે કરવામાં આવેલ.

## માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીનું ઉદ્‌બોધન અક્ષરશઃ

૬૭મા પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં ઉપસ્થિત કર્મચારીભાઈઓ-બહેનો તથા ભૂતપૂર્વ કર્મચારીઓ, અધિકારીઓનું અભિવાદન કરું છું.



તા. ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ આપણા દેશના બંધારણના ઘડવૈયા બાબાસાહેબ ભીમરાવ આંબેડકર રચિત બંધારણ અમલમાં આવ્યું, જેની સમગ્ર વિશ્વમાં આગવા બંધારણ તરીકે નોંધ લેવામાં આવે છે. જ્યારે કોઈ દેશનું અસ્તિત્વ શરૂ થાય ત્યારે ભારતના બંધારણની ખૂબીઓને ધ્યાનમાં લેવામાં આવે છે. જેના દ્વારા સર્જિત બંધારણ દ્વારા આપણા દેશના સુચારુ વહીવટની શરૂઆત કરી તે દિવસને આપણે પ્રજાસત્તાક દિન તરીકે ઉજવીએ

**મેરિટ એવોર્ડ મેળવનાર બાળકોની યાદી**

| નામ અને કર્મચારી સાથેનો સંબંધ | કર્મચારીનું નામ અને હોદ્દો | કામગીરીનું સ્થળ | ટકાવારી | ધોરણ | મેરિટ એવોર્ડની વિગત |
|---|---|---|---|---|---|
| ઝંકૃતિ, સુપુત્રી | શ્રી બી.સી. મહેતા, નાયબ ઇજનેર | લાયઝન ઓફિસ, ગાંધીનગર | ૯૩.૩૮ | ૧૨ (એચએસસી) | રૂા. ૫૦૦/- તથા સર્ટિફિકેટ |
| જય, સુપુત્ર | શ્રી ડી.બી. પટેલ, નાયબ ઇજનેર | વિજાપુર ડિવિઝન | ૮૯.૦૮ | ૧૨ (એચએસસી) | રૂા. ૫૦૦/- તથા સર્ટિફિકેટ |
| રાઘવ, સુપુત્ર | શ્રી બી.વી. ચૌધરી જુનિયર આસિસ્ટન્ટ | મોડાસા ડિવિઝન | ૮૫.૮૫ | ૧૨ (એચએસસી) | રૂા. ૫૦૦/- તથા સર્ટિફિકેટ |
| હર્ષનિલ, સુપુત્ર | શ્રી એમ.એલ. ચૌધરી નાયબ ઇજનેર | જોટાણા સબડિવિઝન | ૯૪.૩૩ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- તથા સર્ટિફિકેટ |

છીએ. ગાંધીજી અને ભારતના આઝાદીના લડવૈયાઓએ સેવેલ સ્વતંત્ર ભારતનું સ્વપ્નં સક્ષમ વહીવટ દ્વારા સાકાર કરવાની દિશામાં આપણે એ દિવસે આગળ વધ્યા હતા.

આ જ બંધારણમાં દર્શાવેલ વહીવટી દિશા નિર્દેશોને લઇને ૧૯૬૧માં ગુજરાત ઇલેક્ટ્રીસિટી બોર્ડની રચના થઇ અને આપણે ઘેર ઘેર વીજળી પહોંચાડીને ગુજરાતના સામાજિક અને આર્થિક વિકાસને મજબૂત કરવા સક્ષમ બન્યા છીએ.

આવશ્યક જરૂરિયાતવાળી વીજળી વગર વિકાસ શક્ય ન હોવાથી આપણે ગ્રાહકોને મૂલ્ય વર્ધિત સેવાઓ અને વધુ સારી માત્રામાં અને ગુણવત્તાસભર વીજળી પૂરી પાડવા માટે સતત પ્રયત્નશીલ રહ્યા છીએ. મને એ વાતનું ગૌરવ છે કે, આપણે પ્રજાની તથા સરકારની અપેક્ષાઓ પૂર્ણ કરવામાં ખરા સાબિત થયા છીએ. આ માટે આજના આ પ્રજાસત્તાક દિને કંપનીના નાનામાં નાના કર્મચારીઓથી માંડીને ઉચ્ચ અધિકારીઓને ખૂબ ખૂબ અભિનંદન આપીને શુભેચ્છા પાઠવું છું.

મિત્રો, વધુ કામગીરીના સતત પ્રયત્નોને લીધે આપણે ભારત સરકારના વીજ મંત્રાલય તરફથી 'ગોલ્ડ શીલ્ડ' પ્રાપ્ત કરીને પ્રથમ દરજ્જાની વીજ વિતરણ કંપની તરીકે આપણી કંપનીને પ્રસ્થાપિત કરી શક્યા છીએ, તેનું મને ગૌરવ છે. અહીં વાત અટકતી નથી, આપણી નામના પ્રમાણે વધુ ને વધુ સારી કામગીરી કરવાની આપણી જવાબદારી વધી છે. આપ સર્વે આજના દિને વધુ ઊર્જાવાન બનીને કંપનીની કામગીરી 'ગ્રાહકલક્ષી' બાબતોને ધ્યાનમાં લઇને કરો કે જેથી સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ વિકાસના લક્ષ્યાંકો વધુ સારી રીતે સિદ્ધ થઇ શકે.

કર્મચારીઓ પોતાની સેવાઓ વધુ કાર્યક્ષમ રીતે બજાવીને ગ્રાહકોને વધુ સારી સેવાઓ દ્વારા સંતોષ આપી શકે તે માટે તાજેતરમાં આપણી ઘણી બધી કચેરીઓને નવનિર્મિત કરીને તેનાં લોકાર્પણ કર્યા છે.

## સાબરમતી ખાતે ચેરમેનશ્રીના વરદ્ હસ્તે ધ્વજવંદન



કંપનીના સાબરમતી વર્તુળની કચેરી ખાતે, કંપનીના માનનીય ચેરમેન શ્રી વરુણનાથ માયરાના વરદ્ હસ્તે ધ્વજવંદન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી માયરાએ ભારતીય લોકશાહીની જ્વલંત પ્રણાલીને બિરદાવીને, કંપનીના સૌ કર્મચારીને નિષ્ઠાભરી કામગીરીથી રાષ્ટ્રસેવામાં પોતાનું યોગદાન આપવાની અપીલ કરી હતી. તેઓએ સ્વચ્છતા અભિયાન અંગે પણ સુંદર માર્ગદર્શન આપ્યું હતું. ધ્વજવંદન બાદ શ્રીમતી માયરાના શુભ હસ્તે નાનાં બાળકોને ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું. કંપનીના કર્મચારીઓ અને તેમના કુટુંબીજનોએ આ કાર્યક્રમમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. અલ્પાહાર અને વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

### રમતગમતક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ બદલ સન્માનિત કર્મચારીઓની યાદી

| કર્મચારીનું નામ અને હોદ્દો | કામગીરીનું સ્થળ | સન્માનની વિગતો |
|---|---|---|
| શ્રીમતી એ.એન. ખાલપાડા, નાયબ ઇજનેર | બોપલ ડિવિઝન | એઆઇઇએસસીબી ચેસ ટુર્ના.માં ચેમ્પિયન ટીમના સભ્ય અને ૨૦૧૫-૧૬માં પસંદગી, ખેલ મહાકુંભમાં જિલ્લા કક્ષાએ પ્રથમ |
| શ્રી એસ.એ. નાયક, આસિસ્ટન્ટ પી.આર.ઓ. | રજીસ્ટ્રર્ડ કચેરી, મહેસાણા | એઆઇઇએસસીબી ચેસ ટુર્ના.માં રનરઅપ ટીમના સભ્ય અને ૨૦૧૫-૧૬માં પસંદગી |
| શ્રીમતી એસ.એ. પટેલ, જુનિયર ઇજનેર | હિંમતનગર સર્કલ | એઆઇઇએસસીબી ટેબલટેનિસ ટુર્ના.માં ૨૦૧૫-૧૬ માટે પસંદગી |
| શ્રી એન.ડી. સાટોડીયા, જુનિયર આસિસ્ટન્ટ | બોપલ ડિવિઝન | એઆઇઇએસસીબી ટેનીકોઇટ ટુર્ના.માં ૨૦૧૫-૧૬ માટે પસંદગી |
| શ્રી એમ.આર. લોહ, જુનિયર આસિસ્ટન્ટ | જેરડા સબડિવિઝન | ઇન્ટર કંપની કબડ્ડી ટુર્ના.ના કેપ્ટન અને રનર્સ અપ ટીમના સભ્ય, એઆઇઇએસસીબી કબડ્ડી ટુર્ના.માં ૨૦૧૫-૧૬ માટે પસંદગી |
| શ્રી એસ.જી. દેસાઈ, જુનિયર આસિસ્ટન્ટ | છાપી સબડિવિઝન | ઇન્ટર કંપની કબડ્ડી ટુર્ના.ની રનર્સ અપ ટીમના સભ્ય, એઆઇઇએસસીબી કબડ્ડી ટુર્ના.માં ૨૦૧૫-૧૬ માટે પસંદગી |
| શ્રી વી.આર. બારીયા, જુનિયર આસિસ્ટન્ટ | ધોળકા સીટી સબડિવિઝન | ઇન્ટર કંપની કબડ્ડી ટુર્ના.ની રનર્સ અપ ટીમના સભ્ય, એઆઇઇએસસીબી કબડ્ડી ટુર્ના.માં ૨૦૧૫-૧૬ માટે પસંદગી |

| રમતગમતક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ બદલ સન્માનિત કર્મચારીઓની યાદી | | |
|---|---|---|
| **કર્મચારીનું નામ અને હોદ્દો** | **કામગીરીનું સ્થળ** | **સન્માનની વિગતો** |
| શ્રી આર.એમ. ચૌધરી, આસિસ્ટન્ટ લાઇનમેન | ડીસા સીટી સબડિવિઝન | ઇન્ટર કંપની કબડ્ડી ટુર્ના.ની રનર્સ અપ ટીમના સભ્ય |
| શ્રી વાય.એસ. પટેલ, ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | દિયોદર-૧ સબડિવિઝન | ઇન્ટર કંપની કબડ્ડી ટુર્ના.ની રનર્સ અપ ટીમના સભ્ય |
| શ્રી એમ.આર. ચૌધરી, જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર સીટી સબડિવિઝન | ઇન્ટર કંપની કબડ્ડી ટુર્ના.ની રનર્સ અપ ટીમના સભ્ય |
| શ્રી જે.જી. શાહ, જુનિયર ઇજનેર | અડાલજ સબડિવિઝન | ઇન્ટર કંપની કબડ્ડી ટુર્ના.ની રનર્સ અપ ટીમના સભ્ય |
| શ્રી એચ.આર. વાઘેલા, લાઇનમેન | નરોડા અર્બન સબડિવિઝન | ઇન્ટર કંપની કબડ્ડી ટુર્ના.ની રનર્સ અપ ટીમના સભ્ય |
| શ્રી જે.ડી. ચૌધરી, જુનિયર આસિસ્ટન્ટ | ખેરાલુ સબડિવિઝન | ઇન્ટર કંપની કબડ્ડી ટુર્ના.ની રનર્સ અપ ટીમના સભ્ય |
| શ્રી એચ.આર. નિનામા, ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | હિંમતનગર રૂરલ સબડિવિઝન | ઇન્ટર કંપની કબડ્ડી ટુર્ના.ની રનર્સ અપ ટીમના સભ્ય |
| શ્રી વાય.એસ. રાવલ, જુનિયર ઇજનેર | પાલનપુર હાઇવે સબડિવિઝન | ઇન્ટર કંપની વોલિબોલ ટુર્ના.ના કેપ્ટન અને રનર્સ અપ ટીમના સભ્ય, એઆઇઇએસસીબી વોલિબોલ ટુર્ના.માં ૨૦૧૫-૧૬ માટે પસંદગી |
| શ્રી વી.ડી. ચૌધરી, જુનિયર આસિસ્ટન્ટ | ગોઝારીયા સબડિવિઝન | ઇન્ટર કંપની વોલિબોલ ટુર્ના.ની રનર્સ અપ ટીમના સભ્ય, એઆઇઇએસસીબી વોલિબોલ ટુર્ના.માં ૨૦૧૫-૧૬ માટે પસંદગી |
| શ્રી એમ.આર. ચૌધરી, જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર સીટી સબડિવિઝન | ઇન્ટર કંપની વોલિબોલ ટુર્ના.ની રનર્સ અપ ટીમના સભ્ય, એઆઇઇએસસીબી વોલિબોલ ટુર્ના.માં ૨૦૧૫-૧૬ માટે પસંદગી |
| શ્રી એમ.એમ. ડાભી, જુનિયર આસિસ્ટન્ટ | ભાભર સબડિવિઝન | ઇન્ટર કંપની વોલિબોલ ટુર્ના.ની રનર્સ અપ ટીમના સભ્ય, એઆઇઇએસસીબી વોલિબોલ ટુર્ના.માં ૨૦૧૫-૧૬ માટે પસંદગી |
| શ્રી કે.જે. કલાસવા, લાઇનમેન | બેચરાજી સબડિવિઝન | ઇન્ટર કંપની વોલિબોલ ટુર્ના.ની રનર્સ અપ ટીમના સભ્ય, |
| શ્રી એચ.આર. નિનામા, ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | હિંમતનગર રૂરલ સબડિવિઝન | ઇન્ટર કંપની વોલિબોલ ટુર્ના.ની રનર્સ અપ ટીમના સભ્ય, |
| શ્રી બી.એ. ચૌધરી, જુનિયર ઇજનેર (વી.એસ.) | વિસનગર સીટી સબડિવિઝન | ઇન્ટર કંપની વોલિબોલ ટુર્ના.ની રનર્સ અપ ટીમના સભ્ય, |
| શ્રી વાય.કે. ચૌધરી, જુનિયર આસિસ્ટન્ટ | ઇકબાલગઢ સબડિવિઝન | ઇન્ટર કંપની વોલિબોલ ટુર્ના.ની રનર્સ અપ ટીમના સભ્ય, |
| શ્રી એન.પી. પટેલ, જુનિયર આસિસ્ટન્ટ | સાંતેજ સબડિવિઝન | ઇન્ટર કંપની વોલિબોલ ટુર્ના.ની રનર્સ અપ ટીમના સભ્ય, |
| શ્રી એસ.કે. તરાલ, ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | જંગરાલ સબડિવિઝન | ઇન્ટર કંપની વોલિબોલ ટુર્ના.ની રનર્સ અપ ટીમના સભ્ય, |
| શ્રી આઇ.જે. ગામેતી, ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | વડાલી સબડિવિઝન | ઇન્ટર કંપની વોલિબોલ ટુર્ના.ની રનર્સ અપ ટીમના સભ્ય, |
| શ્રી એ.બી. ચૌધરી, જુનિયર ઇજનેર (વી.એસ.) | કલોલ સીટી સબડિવિઝન | ઇન્ટર કંપની વોલિબોલ ટુર્ના.ની રનર્સ અપ ટીમના સભ્ય, |

ગ્રાહકોનો સારો પ્રતિસાદ આપણને મળ્યો છે, તેને નજરમાં રાખી વધુ સારી સેવાઓ આપવા હું આપ સૌને અનુરોધ કરું છું.

કંપનીના કર્મઠ ઇજનેર શ્રી આર.બી. પટેલ દ્વારા આવિષ્કાર કરવામાં આવેલ પાયલોટ એડવાન્સ્ડ ટ્રાન્સફોર્મરથી વીજ વિતરણ ક્ષેત્રે સાનુકૂળ વ્યવસ્થા ઊભી થયેલ છે જે માટે આપણી કંપની ગૌરવ અનુભવે છે અને ભવિષ્યમાં આવા પ્રયત્નો કરવા અનુરોધ કરું છું.

ટીએન્ડડી લોસ ઘટાડવા માટે આપણે જાગૃત છીએ, પણ તે દિશામાં પણ આપણે વધુ સારી કામગીરી બજાવવાની છે. આપણે વીજળીનો કાર્યક્ષમ ઉપયોગ કરી બચત કરીશું તો ગ્રાહકોને પણ વીજ વિતરણ માટે જાગૃત કરી શકીશું. વીજ સલામતી માટે આપવામાં આવેલ કિંમતી સૂચનોને ધ્યાનમાં લઇને સલામત કામગીરી કરવા માટે હું આપ સૌને અનુરોધ કરું છું.

આજના દિવસે કંપનીનું શૈક્ષણિક અને રમત-ગમત ક્ષેત્રે ગૌરવ વધારનાર તમામ કર્મચારી અને તેમના બાળકોને ઉજ્જ્વળ ભાવિ માટે શુભેચ્છા પાઠવી સફળતા મેળવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

પ્રજાસત્તાક દિનની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી વિરમું છું.

જય હિન્દ, ભારત માતા કી જય, વંદેમાતરમ!

જય જય ગરવી ગુજરાત. ■

# ગૃહરાજ્ય મંત્રીશ્રી, કેન્દ્રસરકાર, માનનીય શ્રી હરિભાઈ ચૌધરીના વરદ્ હસ્તે પાંથાવાડા પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ

પાલનપુર વર્તુળ કચેરી હેઠળની ડિસા વિભાગીય કચેરી-૨ હસ્તકની પાંથાવાડા પેટા વિભાગીય કચેરીના નવનિર્મિત મકાનનું લોકાર્પણ ભારત સરકારના ગૃહ રાજ્યમંત્રી શ્રી હરિભાઈ ચૌધરીના વરદ હસ્તે તા. ૧૧-૨-૨૦૧૬ના રોજ કરવામાં આવ્યું હતું.

આશરે રૂા. ૯૫ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલા આ નવનિર્મિત મકાનને લીધે પાંથાવાડા પેટા વિભાગીય કચેરીના કુલ ૨૧ હજારથી વધુ ગ્રાહકોને વધુ સારી સેવાનો લાભ મળશે. આ કચેરીની માસિક આવક રૂપિયા ૧ કરોડ ૨૦ લાખથી વધુ હોવાનું જણાવવામાં આવેલ.



લોકાર્પણ પ્રસંગે માનનીય શ્રી હરિભાઈ ચૌધરી ઉપરાંત કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદ, ઈન્ચાર્જ મુખ્ય ઈજનેર (પીએન્ડપી) શ્રી એ. કે. મંગલ, ઈન્ચાર્જ મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી બી. પી. બુચ, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી. જે. ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક (એચઆર) શ્રી એ. સી. પ્રજાપતિ કર્મચારી ઉપરાંત વિશાળ સંખ્યામાં પાંથાવાડાના નાગરિકો, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારો પણ ઉપસ્થિત રહ્યા હતા.

સવારે ૧૧ વાગ્યે શ્રી હરિભાઈ ચૌધરીએ દીપ પ્રાગટ્ય કરીને તક્તિનું અનાવરણ કર્યું હતું. ત્યારબાદ શ્રીફળ વધેરીને અને રીબન કાપીને નવનિર્મિત કચેરીનું લોકાર્પણ કર્યું હતું.

ઉદ્દ્ઘાટન સમારોહની શરૂઆત કંપનીના ગૌરવગીતથી કરવામાં આવી હતી. ત્યારબાદ પાંથાવાડા શાળાની બાળાઓએ સ્વાગત નૃત્ય રજુ કર્યું હતું.

શ્રી બી.પી. બુચે સ્વાગત પ્રવચન કર્યું હતું તથા મંચ પર ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પગુચ્છ આપીને અને પરંપરાગત પાઘડી પહેરાવીને સન્માન કરવામાં આવ્યું હતું.

પાંથવાડાના સરપંચ શ્રી રમેશભાઈ ગાઢિયાએ પ્રધાનમંત્રીશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ આદર્શ ગ્રામ યોજના અંતર્ગત માનનીય મંત્રી શ્રી હરિભાઈ ચૌધરીએ દત્તક લીધેલ પાંથાવાડા ગામનો અસામાન્ય વિકાસ થયો હોવાનું જણાવ્યું હતું. તેઓએ જૂના પાંથાવાડાનો કાયાપલટ થયો હોવાનું જણાવી નવનિર્મિત મકાનથી ગામની શોભામાં વધારો થયો હોવાનું જણાવીને મંત્રીશ્રીનો આભાર માન્યો હતો. તેઓએ પૂરતા વોલ્ટેજ માટે નવા સબસ્ટેશનની માગણી રજુ કરી હતી. છ માસ પૂર્વે પૂરની પરિસ્થિતિમાં યુજીવીસીએલ કંપનીના કર્મચારીઓએ કરેલી પુનઃવીજસ્થાપનની કામગીરી બદલ આભાર વ્યક્ત કર્યો હતો.




તાલુકા પંચાયતના વર્તમાન પ્રમુખ શ્રી ઈશ્વરસિંહે મંત્રીશ્રી દ્વારા દત્તક લીધેલ પાંથાવાડાના વિકાસ અંગે ગૌરવની લાગણી વ્યક્ત કરી, ઉપસ્થિત નાગરિકોને વ્યસન મુક્તિ અભિયાનમાં સામેલ થવા આહ્‌વાન આપ્યું હતું. તાલુકા પંચાયતના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી રેવાભાઈ વાડિયાએ તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખે ગામના વિકાસ માટે સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદે, શ્રી હરિભાઈ ચૌધરીનો તેમના અતિવ્યવસ્ત કાર્યક્રમો વચ્ચે લોકાર્પણ માટે સમય ફાળવીને ગામના વિકાસમાં રસ લેવા બદલ આભાર માન્યો હતો. તેઓએ વીજ વિતરણ ક્ષેત્રે આવશ્યક પ્રવૃત્તિઓ માટે સહકારની ખાત્રી આપેલ તેમજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનને લીધે ગુજરાતમાં ૨૪ કલાક વીજ વિતરણ વ્યવસ્થા અમલી બની હોવાનો એકરાર કરેલ. પ્રથમ જ્યોતિગ્રામ યોજનાનું અમલી કરણ કરીને વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી દ્વારા ભારત સરકાર વીજ મત્રાલય તરફથી 'ગોલ્ડશીલ્ડ' પ્રાપ્ત કરી અગ્રિમ હરોળમાં વીજ વિતરણ કંપની તરીકેનું પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યાનું જણાવેલ. ગુણવત્તાસભર વીજળી પૂરી પાડવા કટિબદ્ધતા જાહેર કરી ઉપસ્થિત ગ્રાહકો દ્વારા આપવામાં આવેલ અરજીઓ અંગે હકારાત્મક પ્રતિસાદ આપી તેઓના પ્રશ્નોના સંતોષકારક ઉકેલની ખાત્રી આપેલ. અધિકારીઓને ખેતીવાડીના વીજ ગ્રાહકોને ઝડપથી વીજ કનેક્ટીવીટી આપવા જણાવેલ. નવનિર્મિત મકાનમાં



બેસતા કર્મચારીઓ કાર્યક્ષમતાથી કામ કરીને ગ્રાહકોની સારી સેવા કરે તે માટે અનુરોધ કરેલ.

ભૂતપૂર્વ મંત્રી શ્રી હરજીવનભાઈ પટેલ દ્વારા સમગ્ર ભારતમાં ગુજરાત સતત ૨૪ કલાક વીજળી પૂરી પાડતું હોવાનું ગૌરવ વ્યક્ત કરવામાં આવેલ. છુટા છવાયા રહેણાંક ધરાવતા તથા ફાર્મ હાઉસમાં પણ ૨૪ કલાક વીજળી આપવામાં આવે છે તેમજ અગાઉના વર્ષો કરતા હાલના વીજ વિતરણની વ્યવસ્થા વધુ કાર્યક્ષમ બની હોવાનું જણાવી વીજ વિક્ષેપની પરિસ્થિતિમાં ટ્રાન્સફોર્મર તુરંત બદલી આપવામાં આવે છે, જેથી ગ્રાહકોને હાલાકી પડતી નથી તેવું જણાવેલ. વ્યસન મુક્તિ તથા દીકરીઓને ભણાવવા માટે લોકોને આગ્રહ કરેલ.

સમારંભના અધ્યક્ષ અને ઉદ્ઘાટક શ્રી હરિભાઈ ચૌધરીએ પોતે આદર્શ ગ્રામ યોજના અંતર્ગત દત્તક લીધેલ ગામના વિકાસ માટે વધુ એક કામગીરીરૂપ અદ્યતન નવનિર્મિત મકાન માટે ઉત્તર ગુજરાત વીજ કંપનીનો આભાર માનેલ.

છ માસ પૂર્વે બનાસકાંઠામાં અતિ પુરની લીધે ઉપસ્થિત પરિસ્થિતિમાં યુજીવીસીએલના કર્મઠ કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ કામગીરી અંગે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરેલ.

દત્તક લીધેલ પાંથાવાડામાં પ્રધાનમંત્રીશ્રી દ્વારા ઉપાડવામાં આવેલ ‘સ્વચ્છતા અભિયાન’ માટે આગ્રહ રાખી ‘સ્વચ્છતા’ને સ્વભાવમાં વણી લેવા જણાવેલ. વિદેશમાં હોય તેવી સ્વચ્છતા રાખવા જણાવેલ. સતત વીજ પુરવઠા લીધે અગાઉ ઈલેક્ટ્રીક મોટરો બળી જવાની ઘટનાઓ થતી હતી જે હવે નામશેષ થઈ હોવાનું જણાવેલ. દિનદયાલ ઉપાધ્યાયની પુણ્યતિથિ હોવાથી તેમને યાદ કરીને છેવાડાના માનવી સુધી વિકાસના ફળ પહોંચે તે વાતને યાદ અપાવી શ્રદ્ધાંજલી અર્પણ કરેલ.

વ્યસન મુક્તિ માટે આગ્રહ રાખી પંજાબમાં વ્યસનને લીધે ઊભી થયેલ પરિસ્થિતિ માટે ચિંતા વ્યક્ત કરેલ. સોશયલ મીડિયાના વિવેકપૂર્ણ ઉપયોગની હિમાયત કરી તેના અવિવેકના પરિણામો અંગે ચિંતા વ્યક્ત કરેલ. વધતા જતા બાળકોના અપહરણ અંગે સાવચેત રહેવા અપીલ કરેલ. તેમજ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓથી વાકેફ થઈને લાભ લેવા અનુરોધ કરેલ. ગૃહરાજ્ય મંત્રી તરીકે મહત્ત્વની જવાબદારી સોંપવા બદલ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કરેલ તેમજ લોકાર્પણ માટે આમંત્રણ આપવા બદલ યુજીવીસીએલના સત્તાધીશોનો પણ આભાર વ્યક્ત કરેલ.

કાર્યક્રમના અંતમાં આભારવિધિ પાલનપુર સર્કલના અધિક્ષક ઈજનેર શ્રી પી.બી. પંડ્યા દ્વારા કરવામાં આવેલ.



તેઓએ ઉપસ્થિત મહાનુભાવો, નાગરિકો, કર્મચારીઓ, પ્રીન્ટ તેમજ ઈલેક્ટ્રોનિક્સ મીડિયાના પત્રકારો સહિત આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મદદરૂપ થનાર નામી અનામી વ્યક્તિઓનો આભાર માનેલ અને સુંદર મકાનના નવનિર્માણ બદલ કંપનીના સિવિલ વિભાગનો આભાર માનેલ. કાર્યક્રમનું સંકલન શ્રીમતી નીરૂબા રાજપૂત, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી તથા શ્રી સ્નેહલ જોશી દ્વારા કરવામાં આવેલ. પાલનપુર સર્કલ દ્વારા શ્રી પી.બી. પંડ્યા, અધિક્ષક ઈજનેરની દોરવણી હેઠળ સુંદર આયોજન કરીને સફળ બનાવેલ. ■

## રાજ્યકક્ષાના મંત્રીશ્રી, ઊર્જા અને કેમિકલ્સ વિભાગ, માનનીય શ્રી ગોવિંદભાઈ પટેલના વરદ્ હસ્તે ધાનેરા-૨ પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ

ધાનેરા-૨ પેટાવિભાગીય કચેરીના નવનિર્મિત મકાનનું લોકાર્પણ તા. ૯-૨-૨૦૧૬ના રોજ માનનીય શ્રી ગોવિંદભાઈ પટેલ, રાજ્યકક્ષાના ઊર્જા અને કેમિકલ્સ વિભાગના મંત્રીશ્રી, ગુજરાત રાજ્યના વરદ્ હસ્તે કરવામાં આવેલ.

અંદાજે રૂ. ૮૭ લાખના ખર્ચે તૈયાર થયેલા આ નવનિર્મિત મકાનથી ધાનેરા પેટાવિભાગીય કચેરી-૨ના કુલ ૨૩ હજારથી વધુ ગ્રાહકો અને અહીં કામ કરતા કર્મચારીઓની સગવડતામાં વધારો થયેલ છે. ધાનેરા પેટાવિભાગીય કચેરીની વાર્ષિક આવક બે કરોડ વીસ લાખ રૂપિયા જેટલી છે. ગ્રાહકો વીજબિલનાં નાણાં સરળતાથી ભરી શકે, તેમની ફરિયાદનું ત્વરિત નિરાકરણ થાય તેમજ પોતાના પ્રશ્નો માટે કાર્યાલયનો સંપર્ક કરી શકે અને સૌની કામગીરી સરળ બને તેવો મકાનના નવનિર્માણનો ઉદ્દેશ છે.

નવનિર્મિત મકાનના લોકાર્પણ પ્રસંગે માનનીય શ્રી ગોવિંદભાઈ પટેલ ઉપરાંત યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદ, ઈન્ચાર્જ મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી બી. પી. બુચ, ધાનેરા નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી




આશાબેન પટેલ, પ્રાંત ઓફિસર શ્રી બી. જે. સોની, મામલતદાર શ્રી એસ. વી. ભાવસાર, એપીએમસી ચેરમેન શ્રી ભગવાનભાઈ પટેલ, ધાનેરાના અગ્રગણ્ય નાગરિક શ્રી વસંતભાઈ પુરોહિત અને શ્રી જગદીશભાઈ પટેલ, શહેરીજનો, કંપનીના કર્મચારીઓ તેમજ પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મહાનુભાવો દ્વારા દીપપ્રાગટ્ય કરીને તેમજ શ્રીફળ વધેરીને તક્તિનું અનાવરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રી ગોવિંદભાઈ પટેલે રીબન કાપીને નવનિર્મિત મકાનનું લોકાર્પણ કર્યું હતું.

કાર્યક્રમની શરૂઆત કંપનીના ગૌરવગીત દ્વારા કરવામાં આવી હતી. ધાનેરા ખાતે આવેલ વિવેકાનંદ વિદ્યાલયની બાળાઓ દ્વારા સ્વાગતગીત તથા સ્વાગત નૃત્યની સુંદર રજુઆત કરવામાં આવી હતી, જેને ઉપસ્થિત લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

યુજીવીસીએલના ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી બી. પી. બુચે ઉપસ્થિત મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત કર્યું હતું અને ત્યાર પછી મહાનુભાવોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદે કહ્યું





હતું કે ધાનેરા ગુજરાતના અન્ય વિસ્તારોથી અલગ ભૌગોલિક પરિસ્થિતિ ધરાવતો પ્રદેશ હોવાથી તેના ખેડૂતોની સમસ્યાઓ અન્ય તાલુકાઓથી અલગ છે. કંપની તેના તમામ ગ્રાહકોને વધુ સારી વીજ વિતરણ વ્યવસ્થા આપવા માટે પ્રતિબદ્ધ છે અને કંપનીએ ભારતની અગ્રગણ્ય વીજ કંપનીઓમાં સ્થાન મેળવ્યું હોવાનું જણાવી, શ્રી આનંદે આશા વ્યક્ત કરી હતી કે મકાનના નવીનીકરણ પછી કર્મચારીઓ લોકો વધુ સારી સેવાઓ પૂરી પાડવા માટે પ્રોત્સાહિત રહેશે.

સમારંભના અધ્યક્ષ અને ઉદ્‌ઘાટક શ્રી ગોવિંદભાઈ પટેલે પોતાની આગવી શૈલીમાં મનનીય પ્રવચન આપ્યું હતું. તેઓએ આ પ્રસંગે ઉદ્‌ઘાટક તરીકે નિમંત્રિત કરવા બદલ આયોજકોનો આભાર માન્યો હતો અને આ નિમિત્તે ધાનેરાના નાગરિકોને મળવાનો મોકો મળવા બદલ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

તેઓએ કંપનીના માનવંતા ગ્રાહકોને વધુ સારી સેવાઓ અને સગવડતા આપી શકાય તે માટે નિર્માણ કરવામાં આવેલ અદ્યતન મકાન અંગે સંતોષની લાગણી વ્યક્ત કરીને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ કંપનીના કર્મયોગી એવા કર્મચારીઓ દ્વારા સતત ૨૪ કલાક વીજ વિતરણ પૂરું પાડનાર ગુજરાત પ્રથમ રાજ્ય હોવા બદલ ગૌરવ વ્યક્ત કર્યું હતું. તેઓએ આફતના સંજોગોમાં સરકારશ્રીની સૂચનાઓના અસરકારક અને ત્વરિત અમલથી વીજ પુનઃસ્થાપનનું કાર્ય કરવા બદલ પણ કંપનીના કર્મચારીઓને બિરદાવ્યા હતા.

તેઓએ જર્જરિત મકાનમાંથી નવીન અદ્યતન મકાનની સગવડતા મેળવનાર સૌ કર્મચારીઓને અભિનંદન પાઠવી ગ્રાહકોને વધુ સારી સેવા દ્વારા સંતોષ આપવાનો પ્રયાસ કરવાની અપેક્ષા વ્યક્ત કરી હતી.

કાર્યક્રમના અંતે શ્રી પી. બી. પંડ્યા, અધિક્ષક ઇજનેરે પોતાનો કિંમતી સમય ફાળવીને લોકાર્પણ કાર્યક્રમને સફળ બનાવનાર સૌ મહાનુભાવો, કર્મચારીઓ, પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારો તેમજ નામી-અનામી વ્યક્તિઓનો સહકાર આપવા બદલ આભાર માન્ય હતો. આ ઉપરાંત, મંત્રીશ્રી દ્વારા નાગરિકો તરફથી રજુ કરવામાં આવેલા પ્રશ્નોના ત્વરિત ઉકેલ આપવાની પણ ખાતરી આપી હતી. તેઓએ મકાનના નિર્માણ માટે સિવિલ વિભાગ તથા કાર્યક્રમના આયોજન માટે પાલનપુર સર્કલ, ડિસા વિભાગીય કચેરીના કર્મચારીઓનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું પ્રભાવશાળી સંચાલન વડગામના જુનિયર આસિસ્ટન્ટ શ્રી સ્નેહલકુમાર જોશીએ કર્યું હતું. ■

# રાજ્યકક્ષાના ઊર્જા અને કેમિકલ્સ વિભાગના મંત્રી, માનનીય શ્રી ગોવિંદભાઈ પટેલના વરદ્ હસ્તે માંડલ પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ

તા. ૨-૨-૨૦૧૬ના રોજ સાબરમતી વર્તુળ કચેરી હસ્તકની માંડલ પેટાવિભાગીય કચેરીના નવનિર્મિત મકાનનો લોકાર્પણ સમારંભ ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના મંત્રીશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના વરદ્ હસ્તે યોજવામાં આવેલ. આ પ્રસંગે શ્રી અનુપમ આનંદ, મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ, શ્રી પ્રાગજીભાઈ પટેલ, ભૂતપૂર્વ ધારાસભ્ય, શ્રી કમાભાઈ રાઠોડ, ભૂતપૂર્વ ધારાસભ્ય, શ્રીમતી તેજશ્રીબેન પટેલ, ધારાસભ્ય, શ્રી એ.કે. મંગલ ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર (પીએન્ડપી), શ્રી બી.પી. બુચ, ઇન્ચાર્જ, મુખ્ય ઇજનેર (ઓપરેશન) તથા કંપનીના અધિકારીઓ-કર્મચારીઓ તથા પ્રિન્ટ મીડિયાના પત્રકારો અને માંડલના નાગરિકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ. કાર્યક્રમની શરૂઆત ગાંધીનગર વિભાગીય કચેરીના કર્મચારીઓ દ્વારા સ્વાગત ગીતથી કરવામાં આવેલ. માંડલની પ્રાથમિક સ્કૂલની બાળાઓ દ્વારા સ્વાગત નૃત્ય રજૂ કરવામાં આવેલ. ત્યારબાદ કંપનીનું ગૌરવ ગીત રજૂ કરવામાં આવેલ.

લોકાર્પણ સમારંભમાં મંચ પર ઉપસ્થિત મહાનુભાવો, માંડલના નાગરિકો, કર્મચારીઓ અને પત્રકારોનું શબ્દોથી સ્વાગત કંપનીના ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર (ઓપરેશન) કરીને સર્વેને આવકારેલ તેમજ સમારંભમાં ઉપસ્થિત રહેવા બદલ આભાર વ્યક્ત કરેલ.




પ્રાસંગિક ઉદ્બોધનમાં ડૉ. શ્રીમતી તેજશ્રીબેન પટેલે ગ્રાહકોને વીજ ગેરરીતિ ના આચરવા અનુરોધ કરેલ તેમજ કંપનીના અધિકારીઓને ખેડૂતોના ખેતીવાડીને લગતાં વીજ કનેક્શનો ઝડપથી આપવા અનુરોધ કરેલ અને લોકાર્પણ સમારંભમાં અર્પણ કરવામાં આવેલ અદ્યતન મકાન અંગે આનંદ અને સંતોષની લાગણી વ્યક્ત કરીને સમારંભમાં આમંત્રણ આપવા બદલ આભારની લાગણી વ્યક્ત કરેલ.

પ્રાસંગિક પ્રવચનમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદે ઉપસ્થિત મહાનુભાવોને આવકારી અભિવાદન કરેલ. તેમજ ધારાસભ્ય શ્રી તેજશ્રીબેન દ્વારા કરવામાં આવેલ રજૂઆત અંગે હકારાત્મક પ્રતિસાદ આપેલ. ગ્રાહકોને વીજ ગેરરીતિ ના કરવા અનુરોધ કરી કંપની દ્વારા સારી વીજવિતરણ વ્યવસ્થા આપવા પ્રતિબદ્ધ હોવાનું જણાવેલ. ભારતની અગ્રગણ્ય વીજવિતરણ કંપની તરીકેની ખ્યાતિ મેળવેલ હોઈ વિશેષ જવાબદારી કંપનીને શિરે હોવાનું જણાવેલ. નવનિર્મિત મકાનના ઉપયોગથી કર્મચારીઓ પોતાની સેવાઓ વધુ સારી રીતે બજાવી ગ્રાહકોને સંતોષ આપવાનો પ્રયાસ કરશે તેવો આશાવાદ વ્યક્ત કરેલ.

ભૂતપૂર્વ ધારાસભ્ય શ્રી કમાભાઈ રાઠોડે અગાઉના જીઇબી અને અત્યારના કંપનીકરણમાં વીજવિતરણની કામગીરીમાં આવેલ આમૂલ પરિવર્તન અંગે આનંદની લાગણી વ્યક્ત કરેલ. અગાઉના વીજ વિતરણ વ્યવસ્થામાં ફિડરોની લંબાઇ વધુ હોવાને લીધે વીજ વિક્ષેપની પરિસ્થિતિનું નિર્માણ થતું હતું. વીજ કર્મચારીઓ અને ગ્રાહકોની સગવડ માટે બનાવવામાં આવેલ અદ્યતન મકાન માટે ગૌરવની લાગણી અનુભવી કંપનીની કામગીરી માટે સંતોષની લાગણી વ્યક્ત કરેલી.





સમારંભના પ્રમુખ અને ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના મંત્રીશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, શ્રી ગોવિંદભાઈ પટેલ દ્વારા પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવેલ કે, કંપનીના કર્મચારીઓ અને

કંપનીના મુલ્યવર્ધિત ગ્રાહકોને વધુ સારી સેવાઓ અને સગવડતા આપી શકાય તેવા ઉમદા હેતુ માટે તૈયાર કરવામાં આવેલ નવનિર્મિત મકાનના લોકાર્પણ માટે આનંદની લાગણી અનુભવું છું.

ગુજરાત વિદ્યુત બોર્ડના પુનઃર્ગઠન બાદ અસ્તિત્વમાં આવેલ ગુજરાતની ચાર વીજ વિતરણ કંપની પૈકી ઉત્તર ગુજરાત વીજ કંપનીની વાત કરીએ તો માત્ર ગુજરાતની જ નહીં પરંતુ સમગ્ર દેશને ગૌરવ થાય તેવી ઘણી બધી કામગીરીઓ કંપની દ્વારા કરવામાં આવેલ છે. ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશમાં નમુનારૂપ ‘‘જ્યોતિગ્રામ’’ યોજનાનું અમલીકરણ કરી સમગ્ર દેશને રાહ ચીંધનાર પ્રથમ વીજવિતરણ કંપની બનવાનું ગૌરવ પ્રાપ્ત કરેલ છે. વીજવિતરણક્ષેત્રે





ઉત્કૃષ્ઠ કામગીરી માટે ભારત સરકાર તરફથી ‘‘ગોલ્ડ શીલ્ડ’’ પ્રાપ્ત કરી પ્રથમ પંક્તિની વીજવિતરણ કંપની તરીકેની ખ્યાતિ પણ મેળવેલ છે.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડનો શરૂઆતથી જ ગ્રાહકલક્ષી અભિગમ રહેલ છે જે અન્વયે ઉત્તર ગુજરાત વીજ કંપનીએ ગ્રાહકોની તેમજ કર્મચારીઓની સુવિધા માટે ૫૦ નવી ઓફિસોના બાંધકામ કરેલ છે કે જેમાં ગ્રાહકોને બીલ ભરવા માટેની સારી સુવિધા તેમજ શૌચાલય, પીવાના પાણીની તેમજ સારી રીતે બેસવાની સુવિધા પુરી પાડવામાં આવે છે. આજરોજ જે મકાનનું લોકાર્પણ કરેલ છે તે મકાન રૂા. ૮૦ લાખના ખર્ચે બનાવવામાં આવેલ છે જેનો લાભ માંડલ કચેરીના ૨૦ હજારથી વધુ ગ્રાહકોને મળશે. કંપની દ્વારા દર માસે ૧ કરોડથી વધુ વીજબીલની મહેસુલ આવક માંડલ પેટાવિભાગીય કચેરી દ્વારા પ્રાપ્ત કરી રહેલ છે. સદર નવિન મકાનમાં ગ્રાહકો પોતાના વીજબીલની ફરિયાદ તેમજ વીજબીલનું ભરણું સરળતાથી કરી શકે તે માટે કચેરીમાં તેઓની બેસવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેથી ગ્રાહકોને સારી સુવિધા મળી શકે.

‘‘સર્વોત્તમ સેવા થકી ગ્રાહકોને સંતોષ’’ આપવાના ઉદ્દેશને પરિપૂર્ણ કરવાના કંપનીના પ્રયત્નોના અમો હંમેશા સાક્ષી રહ્યા છીએ. કંપનીના ગ્રાહકો અને કર્મચારીઓને વધુ સારી સગવડતા આપવા માટે અદ્યતન મકાનો બનાવવામાં આવે છે જેથી વધુ કાર્યક્ષમતાથી કંપનીની કામગીરી થઈ શકે. સાબરમતી સર્કલ વિદ્યુત બોર્ડના વખતથી ટી એન્ડી લોસ હોય કે રેવન્યુ રીકવરી માટે પ્રયત્નશીલ રહેલ છે. માંડલના ગ્રાહકોને વધુ સારી સગવડ આપવા માટે કર્મચારીઓ પ્રતિબદ્ધ રહેશે તેવી અપેક્ષા રાખું છું. નવીન અદ્યતન મકાનની સગવડતા પ્રાપ્ત કરનાર તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવું છું અને ગ્રાહકોને વધુ સારી સેવા દ્વારા સંતોષ આપવાનો પ્રયાસ કરશે તેવી અપેક્ષા રાખું છું.

સાબરમતી સર્કલ તેમજ વિભાગીય કચેરી દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન હાથ ધરેલ. કાર્યક્રમના અંતમાં ઉપસ્થિત ગ્રાહકો દ્વારા પોતાના પ્રશ્નોની રજૂઆત કરેલ. જેને કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા હકારાત્મક પ્રતિસાદ આપવામાં આવેલ. ■

## યુજીવીસીએલ ગૌરવ

માનનીય ઊર્જામંત્રીશ્રીના કાર્યાલય,ગાંધીનગર ખાતે આવેલ લાયઝન કચેરીમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા શ્રી બી.સી. મહેતાની સુપુત્રી ઝંકૃતિ મહેતાએ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ (બી-ગ્રૂપ)માં વર્ષ-૨૦૧૫માં મેળવેલ અનેરી સિધ્ધિ બદલ



શ્રી બી.સી. મહેતાને ગત પ્રજાસત્તાક દિવસના રોજ માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદના હસ્તે પ્રશસ્તિપત્ર અને પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવેલ.

ચિ. ઝંકૃતિએ માર્ચ-૨૦૧૫માં લેવાયેલ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ૯૯.૯૫ પર્સટાઇલ (૯૮.૭૫ ટકા ગુણ) પ્રાપ્ત કરેલ છે. તેમજ પ્રથમ સેમેસ્ટરમાં ભૌતિક વિજ્ઞાનમાં - ૧૦૦, જીવ વિજ્ઞાનમાં - ૯૯- અને રસાયણ વિજ્ઞાનમાં ૯૮ ગુણ પ્રાપ્ત કરી ૯૯.૯૮ પર્સટાઇલ રેન્ક મેળવેલ તેમજ તૃતીય સેમેસ્ટરમાં ભૌતિક વિજ્ઞાનમાં - ૧૦૦, જીવ વિજ્ઞાનમાં - ૯૮- અને રસાયણ વિજ્ઞાનમાં ૧૦૦ ગુણ પ્રાપ્ત કરી ૯૯.૯૯ પર્સટાઇલ રેન્ક સાથે રાજયમાં અવ્વલ સ્થાન પ્રાપ્ત કરેલ.

ચિ.ઝંકૃતિ હાલમાં બી.જે. મેડિકલ કોલેજ, અમદાવાદ ખાતે પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ.માં અભ્યાસ કરી રહેલ છે અને આ સિધ્ધિઓ બદલ યુજીવીસીએલ પરિવાર અત્યંત ગૌરવ અને આનંદની લાગણી અનુભવે છે તથા ઉજ્વળ ભવિષ્ય માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે.



# પાંચમી ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટ

## પાલનપુર સર્કલ ચેમ્પિયન અને સાબરમતી સર્કલ રનર્સ-અપ

તા. ૪-૧૦-૨૦૧૫ના રોજ એસ.કે. એન્જિનીયરીંગ કોલેજ, ગાંધીનગર અંબાજી રોડ, વિસનગર ખાતે પાંચમી ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન મહેસાણા સર્કલના યજમાન પદે કરવામાં આવેલ. આ ટુર્નામેન્ટમાં કંપનીની હિંમતનગર, પાલનપુર, મહેસાણા, સાબરમતી અને કોર્પોરેટ ઓફિસના ટીમે ભાગ લીધેલ. રોમાંચક સ્પર્ધાને અંત પાલનપુર સર્કલની ટીમ ચેમ્પિયન બનેલ છે જ્યારે સાબરમતીની



ઉદ્‌ઘાટન

**પાંચમી ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટમાં પસંદગી પામેલ યુજીવીસીએલની ટીમ**

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી એમ.આર. લોહ | જુનિયર આસિસ્ટન્ટ | જેરડા સબડિવિઝન |
| શ્રી આર.એમ. ચૌધરી | એ.એલ.એમ. | ડિસા સીટી સબડિવિઝન |
| શ્રી વી.આર. બારીયા | જુનિયર આસિસ્ટન્ટ | ધોળકા સીટી સબડિવિઝન |
| શ્રી એસ.જી. દેસાઈ | જુનિયર આસિસ્ટન્ટ | છાપી સબડિવિઝન |
| શ્રી વાય.એસ. પટેલ | ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | દિયોદર-૧ સબડિવિઝન |
| શ્રી એમ.આર. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર સીટી સબડિવિઝન |
| શ્રી જે.જી. શાહ | જુનિયર એન્જિનીયર | અડાલજ સબડિવિઝન |
| શ્રી એચ.આર. વાઘેલા | લાઈનમેન | નરોડા અર્બન સબડિવિઝન |
| શ્રી જે.ડી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | ખેરાલુ સબડિવિઝન |
| શ્રી એચ.આર. નિનામા | ઈલેક્ટ્રીક આસિસ્ટન્ટ | હિંમતનગર રૂરલ |
| સ્ટેન્ડ બાય ખેલાડી | | |
| શ્રી એમ.વી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | વિસનગર-૨ સબડિવિઝન |
| શ્રી એ.કે. વારસાત | ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | મોડાસા રૂરલ સબડિવિઝન |
| શ્રી એ.કે. અસારી | ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | ગાંધીનગર સબડિવિઝન |
| શ્રી વી.ડી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | ગોઝારીયા સબડિવિઝન |



ચેમ્પિયન ટીમ-પાલનપુર સર્કલ



રનર્સ-અપ ટીમ-સાબરમતી સર્કલ





ઈન્ટર કંપની માટે ટીમ યુજીવીસીએલ

**પાંચમી ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટમાં ચેમ્પિયન થયેલ પાલનપુરની ટીમ**

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી આર.એસ. માજીરાણા | પટાવાળા | પે.વિ.કા. ઈકબાલગઢ |
| શ્રી આર.ડી. ચૌહાણ | લાઈનમેન | પે.વિ.ક. દાંતા |
| શ્રી વાય.એસ. પટેલ | ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | પે.વિ.ક. દીયોદર-૧ |
| શ્રી એમ.આર. લોહ | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. ડીસા રૂરલ |
| શ્રી આર.એમ. ચૌધરી | આસિસ્ટન્ટ લાઈનમેન | શહેર પે.વિ.ક. ડીસા |
| શ્રી વી.એમ. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. દાંતા |
| શ્રી એસ.જી. દેસાઈ | જુનિયર એન્જિનીયર | પે.વિ.ક. છાપી |
| શ્રી જે.બી. પટેલ | ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | પે.વિ.ક. પાંથાવાડા |
| શ્રી વાય.એસ. રાવલ | જુનિયર ઈજનેર | પે.વિ.ક. પાલનપુર હાઈવે |
| શ્રી એમ.આર. ચૌધરી | જુનિયર એન્જિનીયર | શહેર પે.વિ.ક. પાલનપુર |

**પાંચમી ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટમાં રનર્સ-અપ થયેલ સાબરમતીની ટીમ**

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી વી.આર. બારીયા | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. ધોળકા |
| શ્રી એ.એમ. ડામોર | ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | પે.વિ.ક. ચીલોડા-૧ |
| શ્રી એચ.આર. વાઘેલા | લાઈનમેન | પે.વિ.ક. નરોડા અર્બન |
| શ્રી બી.એન. નિનામા | સીની. ટેકનીશીયન | સાબરમતી લેબોરેટરી |
| શ્રી વી.એસ. શાહ | જુનિયર આસિસ્ટન્ટ | વિ.કા. બાવળા |
| શ્રી કે.બી. સોલંકી | જુનિયર આસિસ્ટન્ટ | વિ.કા. બાવળા |
| શ્રી એમ.પી. પટેલ | ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | પે.વિ.ક. ચીલોડા-૨ |
| શ્રી એ.કે. અસારી | ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | પે.વિ.ક. ગાંધીનગર |
| શ્રી ડી.એન. ચૌહાણ | ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | પે.વિ.ક. કોઠ |
| શ્રી જે.જી. શાહ | જુનિયર ઈજનેર | પે.વિ.ક. અડાલજ |

ટીમ રનર્સ-અપ થયેલ છે. ટુર્નામેન્ટ બાદ ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટ માટે પસંદગી કરવામાં આવેલ.

ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં વિસનગરના કાર્યપાલક ઈજનેર વતી નાયબ ઈજનેર શ્રી આર.એમ. પટેલ ઉપસ્થિત રહેલા જ્યારે શ્રી એસ.એલ. પટેલ પર્સોનલ ઓફિસર, શ્રી એચ.એમ. બ્રહ્મભટ્ટ ઈન્ચાર્જ સહાયક સચિવ ઉપસ્થિત રહીને કર્મચારીઓનો ઉત્સાહ વધારેલ. ભાગ લેનાર ખેલાડીઓને શુભેચ્છા પાઠવ્યા બાદ દીપ પ્રાગટ્ય કરીને ટુર્નામેન્ટને ખુલ્લી મુકવામાં આવેલ.

ટુર્નામેન્ટના સમાપન સમારંભના ઈન્ચાર્જ સહાયક સચિવ શ્રી એચ.એમ. બ્રહ્મભટ્ટે ચેમ્પિયન તથા રનર્સ-અપ ટીમના સભ્યોને ટ્રોફી, ટીશર્ટ અને મોમેન્ટો અર્પણ કરી ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવેલ. મહેસાણા સર્કલ દ્વારા સદર ટુર્નામેન્ટનું સફળ આયોજન હાથ ધરેલ. સ્પોર્ટ્સમેચમાં સ્પીરીટથી ભાગ લઈને તમામ ખેલાડીઓએ ટુર્નામેન્ટને સફળ બનાવેલ. ■



# ૧૦મી ઈન્ટર સર્કલ વોલીબોલ ટુર્નામેન્ટ

## પાલનપુર સર્કલ ચેમ્પિયન અને મહેસાણા સર્કલ રનર્સ-અપ



ઉદ્‌ઘાટન સમારંભ

તા. ૧-૧૧-૨૦૧૫ના રોજ એચ.કે. એન્જિનીયરીંગ કોલેજ, ગાંધીનગર અંબાજી રોડ, વિસનગર ખાતે ૧૦મી ઈન્ટર સર્કલ વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસના યજમાન પદે કરવામાં આવેલ. સદર ટુર્નામેન્ટમાં કંપનીના તાબા હેઠળની મહેસાણા, પાલનપુર, હિંમતનગર, સાબરમતી અને કોર્પોરેટ ઓફિસની ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધેલ અન્વયે રોમાંચક

**ઈન્ટર સર્કલ વોલીબોલ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન થયેલ પાલનપુરની ટીમ**

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી વાય.એસ. રાવલ | જુનિયર ઈજનેર | પે.વિકા. હાઈવે પાલનપુર |
| ૨ | શ્રી ડી.જે. ફેરા | ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | પે.વિક. લાખણીશહેર |
| ૩ | શ્રી એમ.આર. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. પાલનપુર |
| ૪ | શ્રી એસ.આર. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | શહેર પે.વિ.ક. ઊંઝા |
| ૫ | શ્રી વી.કે. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. ઈકબાલગઢ |
| ૬ | શ્રી આર.આર. મોદી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. રાધનપુર |
| ૭ | શ્રી બી.જી. કોઈટીયા | જુનિયર આસિસ્ટન્ટ | વિ.કા. ડીસા-૨ |
| ૮ | શ્રી ઝેડ.ઝેડ. સૈયદ | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. વડગામ |
| ૯ | શ્રી વી.જે. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | વિ.કા. પાલનપુર-૧ |
| ૧૦ | શ્રી એન.એ. સોલંકી | સિનિયર આસિસ્ટન્ટ | વિ.કા. ડીસા-૧ |
| ૧૧ | શ્રી ટી.એન. રાવલ | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.કા. હાઈવે પાલનપુર |
| ૧૨ | શ્રી વી.એચ. પ્રજાપતિ | ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | શહેર પે.વિ.ક. પાલનપુર |

**ઈન્ટર સર્કલ વોલીબોલ ટુર્નામેન્ટમાં રનર્સ-અપ થયેલ મહેસાણાની ટીમ**

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી વી.ડી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. ગોજારીયા |
| ૨ | શ્રી કે.જે. કલાસવા | લાઈનમેન | પે.વિ.ક. બેચરાજી |
| ૩ | શ્રી બી.એ. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. વિસનગર શહેર |
| ૪ | શ્રી જે.ડી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. ખેરાલુ |
| ૫ | શ્રી કે.એસ. કટારા | ઈલે. આસિસ્ટન્ટ | પે.વિ.ક. સતલાસણા |
| ૬ | શ્રી એસ.કે. તરાલ | ઈલે. આસિસ્ટન્ટ | પે.વિ.ક. જંગરાલ |
| ૭ | શ્રી જે.એમ. મન્સુરી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. મહેસાણા |
| ૮ | શ્રી ડી.ડી. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. વિસનગર શહેર |
| ૯ | શ્રી કે.બી. ત્રિવેદી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. માણસા |
| ૧૦ | શ્રી વી.એ. ભટ્ટ | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. કડી શહેર |
| ૧૧ | શ્રી બી.એલ. અસારી | ઈલે. આસિસ્ટન્ટ | પે.વિ.ક. સતલાસણા |
| ૧૨ | શ્રી એમ.વી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. વિસનગર-૨ |



ચેમ્પિયન ટ્રોફિ-પાલનપુર



રનર્સ-અપ ટ્રોફિ-મહેસાણા



ઈન્ટર કંપની માટેની ટીમ યુજીવીસીએલ



ચેમ્પિયન ટીમ-પાલનપુર

સ્પર્ધાના અંતે દર વર્ષની જેમ પાલનપુર સર્કલની ટીમ ચેમ્પિયન બનેલ પોતાનું સ્થાન જાળવી રાખેલ છે જ્યારે મહેસાણા સર્કલની ટીમ રનર્સ-અપ થયેલ છે. ટુર્નામેન્ટ બાદ ઈન્ટર કંપની વોલીબોલ માટે યુજીવીસીએલની ટીમની પસંદગી કરવામાં આવેલ.

સદર ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભના વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) શ્રી એ.સી. પ્રજાપતિ, પર્સોનલ ઓફિસર, શ્રી એસ.એલ. પટેલ, સ્પર્ધાના ખેલાડી અને કંપનીના ઔદ્યોગિક સબંધિત અધિકારી શ્રી વી.એચ. અસારીએ ઉપસ્થિત રહીને ખેલાડીઓમાં ઉત્સાહ પુરેલ. ખેલાડીઓને

### ઈન્ટર કંપની માટે પસંદગી થયેલ યુજીવીસીએલની ટીમ

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી વાય.એસ. રાવલ | જુનિયર ઈજનેર | પાલનપુર (એચ) સબડિવિઝન |
| શ્રી વાય.કે. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | ઈકબાલગઢ સબડિવિઝન |
| શ્રી એમ.એમ. ડાભી | જુનિયર આસિસ્ટન્ટ | ભાભર સબડિવિઝન |
| શ્રી એમ.આર. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર (ટી) સબડિવિઝન |
| શ્રી વી.ડી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | રાધનપુર સબડિવિઝન |
| શ્રી એસ.કે. તરાલ | ઈલે. આસિસ્ટન્ટ | જગરાલ સબડિવિઝન |
| શ્રી બી.એ. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | વડનગર સબડિવિઝન |
| શ્રી કે.જે. કલાસવા | ઈલે. આસિસ્ટન્ટ | બેચરાજી સબડિવિઝન |
| શ્રી એચ.આર. નિનામા | ઈલે. આસિસ્ટન્ટ | હિંમતનગર રજી. સબડિવિઝન |
| શ્રી આઇ.જે. ગામેતી | ઈલેક્ટ્રીક આસિસ્ટન્ટ | વડાલી સબડિવિઝન |
| શ્રી એન.પી. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | સાંતેજ સબડિવિઝન |
| શ્રી એ.બી. ચૌધરી | જુનિયર ઈજનેર (વીએસ) | કલોલ સીટી સબડિવિઝન |
| સ્ટેન્ડ બાય પ્લેયર્સ | | |
| શ્રી આર.આર. મોદી | જુનિયર આસિસ્ટન્ટ | રાધનપુર સબડિવિઝન |
| શ્રી એ.એલ. ડામોર | જુનિયર આસિસ્ટન્ટ | ટિંટોઈ સબડિવિઝન |

### ઓલ ઈન્ડિયા વોલીબોલની ટીમમાં પસંદગી પામેલ યુજીવીસીએલના ખેલાડીઓ

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી વાય.એસ. રાવલ | જુનિયર ઈજનેર | પાલનપુર (એચ) સબડિવિઝન |
| શ્રી એમ.એમ. ડાભી | જુનિયર આસિસ્ટન્ટ | ભાભર સબડિવિઝન |
| શ્રી એમ.આર. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર (ટી) સબડિવિઝન |
| શ્રી વી.ડી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | રાધનપુર સબડિવિઝન |
| શ્રી એન.પી. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | સાંતેજ સબડિવિઝન |

### આયોજકો

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી પી.જી. બ્રહ્મભટ્ટ | કાર્યપાલક (મા.સ.) | રજીસ્ટર્ડ કચેરી, મહેસાણા |
| શ્રી એસ.એચ. પ્રજાપતી | નાયબ અધિક્ષક (વ) | રજીસ્ટર્ડ કચેરી, મહેસાણા |
| શ્રી જે.એચ. રાવલ | જુનિયર આસિસ્ટન્ટ (ટા) | રજીસ્ટર્ડ કચેરી, મહેસાણા |
| શ્રી એમ.આર. મોદી | જુનિયર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, મહેસાણા |
| શ્રી એસ.એચ. બારોટ | જુનિયર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, મહેસાણા |

શુભેચ્છા પાઠવી દીપપ્રાગટ્ય કરીને વોલીબોલના ગ્રાઉન્ડ ઉપર રમીને ટુર્નામેન્ટને ખુલ્લી મુકવામાં આવેલ.

ટુર્નામેન્ટનું સમાપન સમારંભમાં શ્રી વી.એચ. અસારી અને શ્રી એસ.એલ. પટેલ દ્વારા વિજેતા તથા રનર્સ-અપ ટીમના સભ્યોને ટ્રોફી, ટીશર્ટ તથા મોમેન્ટો એનાયત કરેલ. તેમજ ઈન્ટર કંપની વોલીબોલ ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. કોર્પોરેટ ઓફિસ દ્વારા ટુર્નામેન્ટનું સુંદર અને સફળ આયોજન હાથ ધરવામાં આવેલ. ■



## સાથે મળી આગળ વધીએ
## શ્રેષ્ઠ કાર્ય દ્વારા કંપનીનું ગૌરવ બનીએ!

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

UGVCL

# આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com